જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૯/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૭૫૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૫/૦૯/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૭૭	૦	૧૧૬૭૭	૧૭૭૮૮	૦	૧૭૭૮૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૨	૦	૧૧૨	૩૮૪	૦	૩૮૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૧૬૮૮	૩૯	૭૧૭૨૭	૭૨૬૯૬	૪૦	૭૨૭૩૬
કુલ		૮૮૨૧૦	૩૯	૮૮૨૪૯	૯૭૧૫૦	૪૦	૯૭૧૯૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૪	૩,૬૮,૨૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૩૫	૬,૩૫,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૭૫૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૭ કેસ કરી, ૬૬ વ્યક્તિઓને ઝડપી, ૩૯૩ લીટર દેશી દારૂ, ૧૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૧ મોટર સાયકલ, ૦૪ સ્કુટર અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૭૫૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૬ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૧૭૫૮/૨૦૨૧**

રામોલઃ જયંતીભાઇ વીરજીભાઇ પટેલ (ઉ.વ.૭૧)(રહે.શિવપાર્ક સોસાયટી, ઇશ્વરનગરની સામે ઉત્તમનગર, મણિનગર) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૯/૨૦૧૭ થી તા.૩૦/૧૧/૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન વસ્ત્રાલ મહાદેવનગર ટેકરા "શ્રીજી જ્વેલર્સ" નામની દુકાન ધરાવતા આરોપી (૧) રસીકભાઈ ઉજમશીભાઈ સોની અને (૨)જીગર રસીકભાઈ સોની (બંને રહે.કૈલાશધામ સોસાયટી, મહાદેવનગર ટેકરા વસ્ત્રાલ) એ ભેગામળી જયંતીભાઇ પાસેથી જુના સોનાના દાગીના કુલ કિંમત રૂપિયા ૩૦,૦૦,૦૦૦/- નવા બનાવી આપવાના બહાને મેળવી લઇ, તેમજ જયંતીભાઇએ હાથ ઉછીના આપેલ રોકડ રૂપિયા ૫,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૫,૦૦,૦૦૦/- ની મતા મેળવી લઇ જયંતીભાઇએ આપેલા રૂપિયા અને દાગીના આજદિન સુધી પરત નહી આપી જયંતીભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.લોઢા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૭૫૯/૨૦૨૧**

આનંદનગરઃ પ્રકાશકુમાર ભોગીલાલ જોષી (ઉ.વ.૪૯)(રહે.પલ એપાર્ટમેંટ શક્તિ વિધાલય સામે વેજલપુર) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૯/૨૦૨૧ સાંજના ૭/૦૦ થી તા.૨૫/૦૯/૨૦૨૧ સવારના ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન સ્મિતા એપાર્ટમેંટ રેડીયો મિર્ચી રોડ ખાતે આવેલ "રાજવી પ્રોકેન પ્રા.લી" નામની પોતાની ઓફિસનું શટર તોડી, અજાણી વ્યક્તિ ઓફિસમા પ્રવેશ કરી, રોકડ રૂપિયા ૫૪,૦૦૦/- તથા સી.સી.ટી.વી. કેમેરાનું ડી.વી.આર કિંમત રૂપિયા ૫,૦૦૦/ મળી કુલ રૂપિયા ૫૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૭૬૦/૨૦૨૧**

ઘાટલોડીયાઃ દીપભાઇ પંકજભાઇ પટેલ (ઉ.વ.૨૯)(રહે. રો- હાઉસ આનંદબાગ સોસાયટીની સામે, ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૯/૨૧ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે હિંચકાના કડામાં ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઇ નાથાભાઇ ચલાવે છે.

ઓઢવઃ અમરનાથ વિશ્વનાથ લોધી (ઉ.વ.૫૦)(રહે.લક્ષ્મીનગર જનતાનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૯/૨૦૨૧ ના કલાક ૯/૦૦ વાગે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કાંતિલાલ જીવાજી ચલાવે છે.

કાગડાપીઠઃ દિનેશભાઈ પ્રેમજીભાઈ પરમાર(ઉ.વ.૨૫)(રહે.ખાડાવાળી ચાલી, ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૯/૨૦૨૧ સાંજના ૬/૦૦ વાગે કાંકરીયા, વાણિજ્ય ભવન ખાતે પોતાની જાતે એસીડ પી લેતાં સારવાર માટે તેમને સીવીલ હોસ્પિટલ લઈ જતાં સારવાર દરમ્યાન તા.૨૪/૦૯/૨૦૨૧ રાતના ૧૧/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અલ્પેશકુમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.